# 1 મારા પ્રભુજી

**ચર્ચાના મુદ્દા :**

❀ આપણે પ્રાર્થના કેમ કરીએ છીએ ? ❀ પ્રાર્થના કઈ કઈ જગ્યાએ કરીએ છીએ ?

પ્રાર્થનાથી આપણા મનને શાંતિ મળે છે. પ્રાર્થનાથી આપણામાં સદ્‌ગુણોનો વિકાસ થાય છે. આ ગીતમાં શ્રીકૃષ્ણ ભગવાનને યાદ કરવામાં આવ્યા છે.



મારા પ્રભુજી નાના છે,
દુનિયાભરના રાજા છે.
આભે ચઢીને ઊભા છે,
સાગર જળમાં સૂતાં છે.
મારા પ્રભુજી....

યમુના કિનારે ઊભા છે,
મીઠી મીઠી બંસી બજાવે છે....
મારા પ્રભુજી....



પીળા પીતાંબર પહેર્યા છે,
જશોદાને પાયે લાગે છે....

પગમાં ઝાંઝર પહેર્યાં છે,
રૂમઝૂમ રૂમઝૂમ નાચે છે....
મારા પ્રભુજી....

## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) મીઠી બંસી કોણ વગાડે છે ?

[ ] ભગવાન રામ  [x] ભગવાન શ્રીકૃષ્ણ  [ ] ભગવાન શંકર

(૨) ભગવાને કેવાં વસ્ત્રો પહેર્યાં છે ?

[x] પીળા  [ ] લીલા  [ ] લાલ

(૩) પ્રભુજી કેવા છે ?

[ ] મોટા  [x] નાના  [ ] પાતળા

## 3. કવિતા પૂર્ણ કરો. (Complete the poem)

Recall

યમુના કિનારે..ઊભા..છે..મીઠી મીઠી બંસી બજાવે છે,
પીળા..પીતાંબર..પહેર્યાં છે, જશોદાને પાયે લાગે છે,
પગમાં ઝાંઝર પહેર્યાં છે.
.......રૂમઝૂમ રૂમઝૂમ નાચે છે.

## 4. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value based)

See the picture and write the name of God.






શ્રી કૃષ્ણ,  શ્રી રામ,  મ હા દેવ,  હ નુ માન

## ભાષાજ્ઞાન

### 1. વિરોધી શબ્દો. (Opposite words)

મીઠી × કડવી

નાના × મોટા

સૂતાં × જાગતાં

રાજા × રંક

### 2. યોગ્ય માત્રા લગાવો.

પ્ર ભુ જી

ય મુ ના

### 3. કવિતામાંથી નામ શોધીને લખો.

નદી યમુના

માતા જશોદા

### 4. કોણ કેવું છે તે જણાવો.

બંસી મીઠી

વસ્ત્ર પીળા

પ્રભુજી નાના

### વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

(૧) 'પ્રભુ અંતરયામી' પ્રાર્થના યૂ ટ્યૂબ પર સાંભળો.

(૨) દાદા-દાદી પાસેથી પ્રાર્થના ગીત સાંભળો.

# 2 બીરબલની ચતુરાઈ

**ચર્ચાના મુદ્દા :**

- બાળકોની બુદ્ધિ શક્તિનો વિકાસ થાય
- રાજા ના સમયની પરંપરાથી પરિચિત થાય
- ફળોના રાજાનું સ્વાગત કેવી રીતે કરશો ?

એક દિવસ બાદશાહ અકબર બધા દરબારીઓ પર અતિ પ્રસન્ન થયા અને વિશેષ ભોજન સભારંભનું આયોજન કર્યું. બધા દરબારીઓ બાદશાહના આમંત્રણને સ્વીકારીને નક્કી કરેલા સમય પર ભોજન કરવા માટે આવ્યા. સ્વાદિષ્ટ વાનગીઓના રસથાળ દરબારીઓને પીરસવામાં આવ્યા અને બધી વાનગીઓનો સ્વાદ દરબારીઓ માણી રહ્યા હતા.



# અભ્યાસ

## શબ્દાર્થ (Word meaning).

ગુસ્સો - ક્રોધ (Angry)

હોશિયાર - ચતુર, બુદ્ધિમાન (Clever)

આદેશ - આજ્ઞા (Order)

કિંમતી - મૂલ્યવાન, મોંઘું (Costly)

## સ્વાધ્યાય

### મૌખિક

Oral expression

1. પ્રશ્નોત્તર (Question / Answer) :

(૧) દરબારીઓ માટે ભોજન સભારંભ કોણે રાખ્યો હતો ?

(૨) બાદશાહ અકબર કોને પ્રેમથી જમાડી રહ્યા હતા ?

(૩) સેવક થાળીમાં શું લઈને આવ્યો ?

### લેખિત

Written expression

1. પ્રશ્નોત્તર (Question / Answer) :

(૧) બાદશાહ અકબર કેમ બીરબલથી નારાજ થયા હતા?

(૨) બાદશાહની સવારી આવે ત્યારે લોકો કેવી રીતે અભિવાદન કરે છે ?

(૩) બાદશાહ અકબર બીરબલને કઈ ભેટ આપે છે ?

2. નીચે આપેલ ખાલી જગ્યા પૂરો(Fill in the Blanks) :

(૧) દરબારીઓ ....વાનગીઓ.... નો સ્વાદ માણી રહ્યા હતા.

(૨) બીરબલે...કેરી... ની ચીરીઓ ખાધી હતી.

(૩) બાદશાહ અકબરે સેવક પાસે કેરીની..ટોપલી. મંગાવી.

## 3. વિરોધી શબ્દો (Opposite words)

| | | |
|---|---|---|
| સ્વાદ | × | બેસ્વાદ |
| પ્રેમ | × | નફરત |
| હોંશિયાર | × | ઠોઠ |
| ખુશ | × | નાખુશ , ઉદાસ |

## 4. નીચે આપેલા વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (True or False)

(૧) બીરબલે પેટ ભરીને ભોજન કર્યું હતું. ✓

(૨) બીરબલનું મન ગુલાબજાંબુને જોઈને લલચાઈ ગયું. ✗

(૩) સેવક પાસે બાદશાહે સફરજનનો ટોપલો મંગાવ્યો હતો. ✗

## 5. નીચે આપેલ શબ્દો પરથી વાક્ય બનાવો.

૧. દાળ –ભાત   ૨. આકાશ   ૩. વીજળી   ૪. કપડાં

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

- વર્ગમાં વિદ્યાર્થીઓ પોતાનું પ્રિય ફળ લઈને આવે અને તેના વિશે પાંચ વાક્ય બોલશે.
- પોતાની નોટબુકમાં કોઈ પણ પાંચ ફળના નામ સાથે ચિત્ર દોરશે અને તેમાં રંગ ભરશે.